ક્રમાંક:રાપબો/CET/2025/ 1115 - 1244

અત્યંત જરૂરી

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા: 05/02/2025

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
શાસનાધિકારીશ્રી, તમામ.

વિષય: જ્ઞાનશક્તિ રેસીડેન્સિયલ સ્કુલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સિયલ સ્કુલ્સ, રક્ષાશક્તિ સ્કુલ્સ અને ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી હસ્તક (એકલવ્ય મોડેલ રેસીડેન્સિયલ સ્કુલ્સ અને સૈનિક શાળાઓ)માં ધોરણ-૬માં પ્રવેશ માટે તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાની કોમન પ્રવેશ પરીક્ષા **(CET)** ના ઓનલાઇન આવેદન બાબત.

સંદર્ભઃ- (૧) શિક્ષણ વિભાગના તા.૩૧/૦૭/૨૦૨૧ના GR/NO.SSA/1121/267258/CH
(૨) શિક્ષણ વિભાગના તા.૧૧/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંકઃસસબ/૧૨૧૭-૫૬૭(પા.ફા.૧)/ગ-૧
(૩) શિક્ષણ વિભાગના તા.30/૦૧/૨૦૨૩ના ઠરાવ ક્રમાંકઃસસઅ/૧૦૨૨/ન.બા./૧૯૨/ન
(૪) શિક્ષણ વિભાગના તા.૦૭/૦૬/૨૦૨૩ના ઠરાવ ક્રમાંકઃસસઅ/૧૦૨૨/ન.બા./૧૯૨/ન
(૫) શિક્ષણ વિભાગના તા.૨૨/૦૯/૨૦૨૩ના સુધારા ઠરાવ ક્રમાંકઃસસબ/૧૨૧૭/૫૬૭(પા.ફા.૧/ગ.૧
(૬) શિક્ષણ વિભાગના તા.૨૧/૧૦/૨૦૨૩ના સુધારા ઠરાવ ક્રમાંકઃસસઅ/૧૦૨૨/ન.બા./૧૯૨/ન
(૭) રાજય પરીક્ષા બોર્ડની તા.૧૨/૦૯/૨૦૨૪ની સિંગલ ફાઇલ.
(૮) રાજય પરીક્ષા બોર્ડનો તા.03/૧૦/૨૦૨૪નો પત્રાંકઃરાપબો/CET/૨૦૨૪/૮૨૨૩-૮૩૧૪
(૯) તા.૨૨/૦૧/૨૦૨૫ના રોજ મળેલ પરીક્ષા સમિતિની બેઠક.
(૧૦) ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટીનો તા.૩૧/૦૧/૨૦૨૫નો પત્રાંકઃફા.નં.ટી.ડી./ઇએમઆરએસ/૨૦૨૪/૩૮૮૪-૮૬

શ્રીમાન,

રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ના શૈક્ષણિક સત્રથી જ્ઞાનશક્તિ રેસીડેન્સિયલ સ્કુલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સિયલ સ્કુલ્સ અને રક્ષાશક્તિ સ્કુલ્સમાં ધોરણ-૬માં પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટના (CET) મેરીટના આધારે સ્કોલરશીપ યોજના શરૂ થયેલ છે.

વર્ષ ૨૦૨૫-૨૬થી ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી હસ્તકની શાળાઓ (એકલવ્ય મોડલ રેસીડેન્સિયલ સ્કુલ્સ (EMRS) અને સૈનિક શાળા)માં પણ આ જ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ(CET)માં મેરીટમાં સમાવેશ થયેલ આદિજાતિ વિદ્યાર્થીઓને ધોરણ-૬માં પ્રવેશ આપવામાં આવનાર છે એટલે કે, આ શાળાઓમાં પ્રવેશ માટે અલાયદી પરીક્ષા લેવામાં આવશે નહિ.

સરકારી અને ગ્રાન્ટેડ (સરકારી, પંચાયત, નગરપાલિકા કે મહાનગરપાલિકા સંચાલિત શાળા, આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની સરકારી કે ગ્રાન્ટેડ શાળા, ટ્રાયબલ એજયુકેશન સોસાયટી સંચાલિત શાળા) શાળાઓમાં ધોરણ-૧ થી ૫ નો અભ્યાસક્રમ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને જ્ઞાનશક્તિ રેસીડેન્સિયલ સ્કુલ્સ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્સિયલ

સ્કુલ્સ, રક્ષાશક્તિ સ્કુલ્સ અને ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી હસ્તકની શાળાઓ (એકલવ્ય મોડલ રેસીડેન્સિયલ સ્કુલ્સ (EMRS) અને સૈનિક શાળા)માં કોમન એન્ટ્રન્સ ટેસ્ટના (CET) મેરીટના આધારે ધોરણ-૬માં પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત કોમન એન્ટ્રન્સ ટેસ્ટના (CET) મેરીટના આધારે ધોરણ-૬ થી ૧૨ના અભ્યાસ દરમ્યાન મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવે છે.

સ્વનિર્ભર શાળાઓમાં (ખાનગી શાળાઓમાં) ધોરણ-૧ થી ૫ અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને ફકત રક્ષાશક્તિ સ્કુલ્સ (25% બેઠકો) માં કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) ના મેરીટના આધારે ધોરણ-૬માં પ્રવેશ આપવામાં આવશે.

પ્રતિ વર્ષની જેમ ચાલુ શૈક્ષણિક વર્ષ માટે ઉકત યોજના હેઠળની કોમન એન્ટ્રન્સ ટેસ્ટ(CET) રાજય પરીક્ષા બોર્ડ દ્વારા અગાઉ જાહેર કર્યા મુજબ તા.૨૨/03/૨૦૨૫, શનિવારના રોજ યોજવામાં આવનાર છે.

ઉપરોકત તમામ શાળાઓમાં ધોરણ-૬માં પ્રવેશ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ માટે યોજાનાર કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (**CET**)નો કાર્યક્રમ નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | તારીખ/સમયગાળો |
|---|---|---|
| ૧ | રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૦૭/૦૨/૨૦૨૫ થી તા.૧૯/૦૨/૨૦૨૫ |
| ૨ | પરીક્ષા ફી | નિઃશુલ્ક |
| 3 | પરીક્ષાની તારીખ | ૨૨/03/૨૦૨૫, શનિવાર |

રાજયની સરકારી, અનુદાનિત અને ખાનગી (બિન અનુદાનિત) પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના ઓનલાઇન આવેદન કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે.

1. સૌ પ્રથમ https://schoolattendancegujarat.in/પોર્ટલ પર જવું.
2. શાળાના ડાયસ કોડથી લોગીન કરવું.
3. ત્યારબાદ શાળાના કોઈ પણ એક શિક્ષકના ટીચર કોડ નાંખો (ધોરણ 05 ભણાવતા શિક્ષકના કોડને પ્રાથમિકતા આપવી, જો તેમની બદલી કે નિવૃત્તિ થઈ હોય તો, શાળાના અન્ય શિક્ષક નો કોડ એડ કરવો)
4. હવે ધોરણ-5 પર ક્લિક કરવું, ધોરણ-5 ના તમામ વિદ્યાર્થીઓના કોડનું લીસ્ટ સ્ક્રીન પર દેખાશે. તમામ વિદ્યાર્થીઓનું એક પછી એક ફોર્મ ભરવાનું રહેશે.
5. ત્યારબાદ વિદ્યાર્થીના કોડ પર ક્લિક કરો, તેનું ફોર્મ ખુલશે, ફોર્મમાં શિક્ષક અને વાલીના મોબાઈલ નંબર સિવાયનો ઓટો ફેચ કરેલો ડેટા છે, શિક્ષક અને વાલીનો મોબાઈલ નંબરની વિગત ભર્યા બાદ ઓટો ફેચ થયેલ ડેટા પૈકી, કેટેગરી, કાસ્ટ, સબ કાસ્ટ અને માધ્યમ જો ખોટી દર્શાવતી હોય તો સુધારો કરી શકાશે.
6. તમામ વિગતો ભરાયા બાદ ફોર્મ ની નીચે save બટન પર ક્લિક કરવાનું રહેશે.
7. જેથી વિદ્યાર્થીઓના ફોર્મ save થતાં રહેશે તેમની સામે saved દર્શાવશે.
8. આ રીતે તમામ વિદ્યાર્થીના ફોર્મ ભરાઈ ગયા બાદ સબમિટ બટન પર ક્લિક કરવાનું રહેશે.

કોમન પ્રવેશ પરીક્ષા(CET)ના રજીસ્ટ્રેશન ફોર્મ ઉપરોકત નિર્ધારીત કરેલ તારીખથી સમયર્યાદામાં ભરાય તે માટે આપની કક્ષાએથી આપના કાર્યક્ષેત્ર હસ્તકની સરકારી, અનુદાનિત અને ખાનગી (બિન અનુદાનિત) પ્રાથમિક શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓને આ પરીક્ષામાં ઓનલાઇન આવેદન ભરવા અંગેની અચુક જાણ કરવા અનુરોધ કરવામાં આવે છે.

તદઉપરાંત છેલ્લા ૨(બે) વર્ષમાં લેવાયેલ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET)ના વર્ષવાર અને માધ્યમવાર પ્રશ્નપત્રોની PDF ફાઇલો રાજય પરીક્ષા બોર્ડની વેબસાઇટ http://www.sebexam.org પર વિદ્યાર્થીઓને મહાવરો થાય તે સબબ મુકવામાં આવેલ છે. આ ઉપરાંત રાજય પરીક્ષા બોર્ડ, જીસીઇઆરટી અને વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા બાયસેગના માધ્યમથી દર શનિવારે સવારે ૯૦૦ થી ૧૦.૦૦ કલાક દરમ્યાન આ પરીક્ષા માટે માર્ગદર્શન આપવામાં આવે છે. આ પ્રસારણ વિદ્યા સમીક્ષા કેન્દ્રના સ્ટુડિયો દ્વારા બાયસેગ નેટવર્કના માધ્યમથી વંદે ગુજરાત ચેનલ નં.૫ (બાયસેગ ડીશ અથવા JIO TV) અને યુ ટયુબ ચેનલ (લાઇવ) GujaratEclass પર નિહાળી શકાય છે.

અધ્યક્ષ<br>
રાજય પરીક્ષા બોર્ડ<br>
ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના જાણ સારૂં</u>

- માન.અગ્ર સચિવશ્રી, (પ્રા.મા.શિક્ષણ) શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન.કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુ.રા.,ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.